TWO FRIENDS

બે મિત્રો

English-Gujarati

Leila Hakim Elahi

WITHDRAWN
From Toronto Public Library

Two Friends

બે મિત્રો

English-Gujarati

Author : LEILA HAKIM ELAHI
Illustrator : ALI MAFAKHERI

Elahi, Leila Hakim
Two Friends
Dual language children's book

Illustrator : Ali Mafakheri

Translator : U.B.C. Tranaslation Service

ISBN : 81-7650-279-0

Published in India for
STAR BOOKS
55, Warren Street,
London W1T 5NW (UK)
Email : indbooks@spduk.fsnet.co.uk

by
Star Publishers Distributors
New Delhi 110002 (India)

Peacock Series
First Edition : 2006

This book has been published in dual language format
under arrangement with Shabaviz Publishing Co., Iran

Printed at : Public Printing (Delhi) Service

Once there were two friends, Cappy and Specky. Cappy always wore a red cap, and Specky always wore big, round glasses.

When all other children played out in the snow, both Cappy and Specky stayed inside their home.

કેપ્પી અને સ્પેકી નામનાં બે મિત્રો હતાં. કેપ્પી હંમેશા લાલ કેપ પહેરતો અને સ્પેકી હંમેશા મોટા, ગોળ ચશ્માં પહેરતો. બીજા બધા બાળકો બહાર બરફમાં રમતા હોય ત્યારે કેપ્પી અને સ્પેકી ઘરે જ રહેતાં.



One day, Specky asked Cappy, "Why are you not wearing your cap today ? It is so beautiful."

એક દિવસ સ્પેકીએ કેપ્પીને પૂછયું, "આજે તે તારી કેપ કેમ પહેરી નથી ? તે કેટલી સુંદર છે !"

Cappy replied, “I don’t like this cap. I look funny in it. When I wear it, the other children laugh at me. But if I go out without wearing it, I catch a cold and my face turns red. That is the reason I stay at home and don’t go out to play.”

કેપ્પીએ જવાબ આપ્યો, “મને આ કેપ ગમતી નથી. હું એમાં જોકર જેવો લાગું છું. હું જ્યારે એ કેપ પહેરું છું ત્યારે બીજા બાળકો મારા પર હસે છે. પણ જો હું કેપ પહેર્યા વગર બહાર જઉં છું તો મને શરદી થઈ જાય છે અને મારો ચહેરો લાલ થઈ જાય છે. આ કારણે હું ઘરે રહું છું અને બહાર રમવા જતો નથી.”

Then Cappy asked Specky, "Why are you not wearing your glasses today ? They are so pretty."

Specky replied, "I don't like my glasses. They are so big that I look silly in them. The kids make fun of me when I wear them. But without them, I cannot see clearly. So I prefer to stay at home and not go out."

પછી કેપ્પીએ સ્પેકીને પૂછયું, "તે તારા ચશ્માં આજે કેમ પહેર્યાં નથી? તે કેટલાં સરસ છે!"

સ્પેકીએ જવાબ આપ્યો, "મને મારા ચશ્માં ગમતાં નથી. તે એટલા મોટા છે કે હું એમાં મૂર્ખ લાગું છું. હું જ્યારે એ ચશ્માં પહેરું છું ત્યારે બીજા બાળકો મારો મજાક ઉડાવે છે. પણ ચશ્માં પહેર્યા વગર મને બરાબર દેખાતું નથી. આથી હું ઘરે રહું છું અને બહાર જતો નથી."

Cappy said, "I really want a pair of glasses like yours, so that I can look like a scientist. But my mother says only people with weak eyes wear glasses. You know what I did ? I stared at the sun, tried to read in dim light, and rubbed my eyes with dirty hands. With all that, my eyes itched and ached, but did not grow weak."

કેપ્પીએ કહ્યું, "મને ખરેખર તારા જેવા ચશ્માં જોઈએ છે, જેથી હું વિજ્ઞાની જેવો દેખાઉં. પણ મારી મમ્મી કહે છે કે માત્ર નબળી આંખોવાળા લોકો જ ચશ્માં પહેરે છે. તને ખબર છે મેં શું કર્યું ? મેં સૂર્ય સામે તાકીને જોયું, ઝાંખા પ્રકાશમાં વાંચવાની કોશિશ કરી અને ગંદા હાથે આંખો ચોળી, પણ આંખો નબળી થઇ નહીં."



"I pretended that I could not see clearly. My mother took me to the doctor, who made me read an alphabet chart. I read out every letter, and he realised that my eyes were perfectly all right.



“મેં ઢોંગ કર્યો કે હું બરાબર જોઈ શકતો નથી. મારી મમ્મી મને ડોક્ટર પાસે લઈ ગઈ. ડોકટરે મને મૂળાક્ષરોનો ચાર્ટ વંચાવ્યો. મેં દરેક અક્ષર વાંચ્યો અને ડોક્ટરને લાગ્યું કે મારી આંખો બિલકુલ બરાબર છે.”

"I borrowed my sister's sunglasses. I liked them very much. It made me feel like a scientist that I want to become when I grow up."

"મેં મારી બહેનનાં સન ગ્લાસીસ પહેરવા લીધાં. એ મને બહુ ગમ્યા. એ પહેરીને મને લાગ્યું કે હું વિજ્ઞાની જેવો લાગું છું. હું મોટો થઈને વિજ્ઞાની બનવા માંગું છું."

Specky smiled, and said, “I would love to have a cap like yours, so that I can look like an astronaut. But my mother says caps are for those children who catch a cold easily. I can do anything to get a cap. So I bathed in cold water, threw my blanket aside at night, and even hugged my aunt who had flu. Yet, I did not catch a cold.”

સ્પેકી હસ્યો અને કહ્યું, “ મને તારા જેવી કેપ હોય તો બહુ ગમે કારણ કે હું અવકાશયાત્રી જેવો લાગી શકું. પણ મારી મમ્મી કહે છે કે કેપ એવા બાળકો પહેરે જેમને શરદી તરત થઈ જતી હોય છે. કેપ મેળવવા માટે હું કંઈપણ કરી શકું. એટલે હું ઠંડા પાણીમાં નાહ્યો, રાત્રે મારું બ્લેન્કેટ બાજુ પર મૂકી દીધું અને મારી માસી કે જેને ફ્લુ થયો હતો તેને હું ભેટયો. છતાં મને શરદી થઈ નહી.”

"I groaned and pretended to sneeze, as if I had actually caught a cold. My mother took me to the doctor. He checked me. and understood that I was fine and had no illness."

"મને જાણે શરદી થઈ હોય એમ મેં દુખાવાનો ઢોંગ કર્યો અને છીક ખાવાનું નાટક કર્યું. મારા મમ્મી મને ડોકટર પાસે લઈ ગયા. ડોકટરે મને તપાસ્યો અને કહ્યું કે મને કોઈ જ બિમારી નથી."

"My cousin lent me his cap, and I was very excited to wear it. I imagined myself to be an astronaut in that cap, flying into space in my rocket. I have always wanted to become an astronaut when I grow up."

"મારા પિતરાઈ ભાઈએ મને એની કેપ આપી. મને એ પહેરવાની બહુ મજા આવી. એ કેપમાં જાણે હું અવકાશયાત્રી હોઉં અને મારા રોકેટમાં બેસીને અવકાશમાં ઊડતો હોઉં એવું લાગ્યું. હું મોટો થાઉં ત્યારે અવકાશયાત્રી બનવા ઈચ્છું છું."

They both sighed. They were sad that they
did not possess the thing they desperately wanted.

બંને મિત્રોએ નિસાસો નાંખ્યો. બંને એ વાતે ઉદાસ હતા
કે તેમને જે વસ્તુઓ જોઈતી હતી તે તેમની પાસે નહોતી.

After a while, they looked at each other and smiled. They had thought of a great idea. Cappy gave his cap to Specky, and in turn took Specky's glasses. Then they looked into the mirror. Cappy felt like a real scientist in his new glasses, while Specky thought he looked very nice as an astronaut in his new cap. Now they were both happy.

થોડીવાર પછી બંનેએ એકબીજા સામે જોયું અને સ્મિત કર્યું. બંનેને બહુ જોરદાર વિચાર આવ્યો હતો. કેપ્પીએ પોતાની કેપ સ્પેકીને આપી અને બદલામાં એના ચશ્માં લીધા. પછી બંનેએ અરીસામાં જોયું. નવા ચશ્મામાં કેપ્પીને લાગ્યું કે પોતે પાક્કો વિજ્ઞાની લાગે છે, જ્યારે સ્પેકીને લાગ્યું કે નવી કેપમાં પોતે અવકાશયાત્રી તરીકે ઘણો સારો લાગે છે. હવે બંને બહુ ખુશ હતાં.

Cappy began to draw a picture. But with the glasses on, everything appeared blurred to him. He drew a face with a nose on the forehead, and eyes near the mouth.

કેપ્પીએ ચિત્ર દોરવાનું શરૂ કર્યું. પણ ચશ્માં પહેર્યા હોવાથી તેને બધું ઝાંખું દેખાવા લાગ્યું. એણે ચિત્રમાં ચહેરો દોર્યો તો નાક કપાળ પર અને આંખો મોં પાસે દોરી.

Specky picked up a ball, but when he threw it up in the air, he could not see where it went. He realised he was unable to see anything without his glasses, and the cap kept coming into his eyes.

સ્પેકીએ રમવા માટે દડો લીધો,પણ જ્યારે એણે હવામાં ઊંચે ઊછાળ્યો ત્યારે દડો ક્યાં ગયો એ જોઈ શક્યો નહી. એને લાગ્યું કે ચશ્મા વગર એ કશું જ જોઈ શકતો નથી અને કેપ એની આંખોની વચ્ચે આવી જતી હતી.

They could neither play games, nor watch television as Specky could not see anything, and Cappy saw everything blurred.

બંને મિત્રો કોઈ રમત રમી શકતા નહોતા કે ટીવી જોઈ શકતા નહોતા, કારણ કે સ્પેકી કશું જોઈ શકતો નહોતો અને કેપ્પીને બધું ઝાંખું દેખાતું હતું.

Specky then suggested to Cappy, “Let’s go out and make a snowman.”

Cappy was reluctant. “I cannot go out because I will catch a cold without my cap. You too will not be able to see properly because you are not wearing your glasses.” he said.

સ્પેકીએ પછી કેપીને સૂચન કર્યું, “ચાલ આપણે બહાર જઈએ અને બરફનો ઢીંગલો બનાવીએ.”

પણ કેપ્પીની ઈચ્છા નહોતી. તેણે કહ્યું, “હું બહાર નીકળું તો કેપ વગર મને ઠંડી લાગશે. તે પણ ચશ્માં પહેર્યા નથી એટલે તને પણ કશું નહીં દેખાય.”

Once again, they sat down and sighed. Then they looked at each other, and burst out laughing. Cappy returned the glasses to Specky, and Specky gave back the cap to him.

ફરીથી બંને બેસી ગયા અને નિસાસો નાંખ્યો. પછી બંનેએ એકબીજા સામે જોયું અને ખડખડાટ હસી પડયાં. કેપ્પીએ ચશ્માં સ્પેકીને પાછા આપ્યા અને સ્પેકીએ તેને કેપ પાછી આપી.

They stood in front of the mirror, and realised that they both looked good as they were Cappy with his red cap, and Specky with his big, round glasses. That was their true identity.

બંને અરીસા સામે ઊભા રહ્યાં અને તેમને લાગ્યું કે બંને જેવા હતાં એવા જ સારા લાગે છે. કેપ્પી પોતાની લાલ કેપમાં અને સ્પેકી પોતાના ગોળ, મોટાં ચશ્મામાં સારો લાગતો હતો. એ જ બંનેની સાચી ઓળખ હતી.

They no longer felt awkward. Now they found themselves as normal as the other children. They had understood that it is better to be one's true self, than to imitate someone else.

હવે બંનેને કશું જ અજુગતું લાગતું નહોતું. હવે તેમને લાગ્યું કે તેઓ બીજા બાળકો જેટલાં જ સામાન્ય છે. બંને મિત્રો સમજ્યાં કે બીજાની નકલ કરવા કરતા પોતાની સાચી ઓળખ જાળવવી જોઈએ.

TORONTO PUBLIC LIBRARY
37131 183 835 115

TORONTO PUBLIC LIBRARY
37131 183 835 115
AP Amesbury Park

THIS DUAL LANGUAGE BOOK
has been published in
Arabic, Farsi, Urdu, Punjabi, Tamil, Somali,
Gujarati, Chinese, Bengali and Hindi

Peacock Series
STAR BOOKS
55, Warren Street, London W1T 5NW [UK]

ISBN 81-7650-279-
9788176502795

T2-BOO-237